# કોળી કથા – 'માંધાતા એકાદશી' કથા

આપણા દેશ ભારતમાં ઘણા બધા સમાજના માણસો દુધમાં સાકર ભળે તેમ ભળીને રહે છે.તેને કારણે જ ભારતની સંસ્કૃતી ભાતીગળ સંસ્કૃતી છે.ભારતની આ ભાતીગળ સંસ્કૃતીના લોકોની પોતાની આગવી જીવનશૈલી છે ..... સમસ્ત કોળી સમાજની પણ પોતાની એક આગવી જીવનશૈલી છે .....

કાળચક્રમાં પીસાતો કોળી સમાજ અજ્ઞાનના અંધકાર તરફ ધકેલાઈને આજે વરવી સામાજીક પરિસ્થિતીમાં મુકાઈ ગયો છે.પરંતુ એક સમયે આજ કોળી સમાજના પુર્વજો રાજાશાહી સામાજીક જીવન જીવતા હતા.સમાજીક જીવનની એક જ પ્રકારની કંટાળાજનક પ્રવૃતી અને જીવનની વરવી પરિસ્થિતીની ચીલાચાલુ ઘરેડમાંથી થોડો સમય મુક્તી મેળવવા માટે કોળી સમાજમાં ઘણા બધા વાર–તહેવાર અને ઉત્સવ ઉજવવાની પરંપરા યુગો યુગોથી ચાલી આવી છે.ઉત્સવના દિવસે 'ઉપવાસ' રાખવાની પરંપરા પણ યુગો યુગોથી ચાલી આવી છે.સમસ્ત કોળી સમાજનો પોતાનો પણ એક આગવો ઉત્સવ અને ઉપવાસ છે. જેનુ નામ છે 'માંધાતા એકાદશી'.કોળી શ્રી મહારાજા માંધાતા 'સમસ્ત કોળી સમાજ' ના ઈષ્ટદેવ છે. તેત્રાયુગમાં સમગ્ર ધરતી પર કોળી શ્રી મહારાજા માંધાતાનુ એકચક્રી શાસન હતુ.ખુદ ધરતીમાતાએ 'વસુંધરા' નામનુ સ્ત્રી રુપ લઈને માંધાતા સાથે લગ્ન કર્યા હતા.એટલે જ કોળી શ્રી મહારાજા માંધાતા 'ધરતીના ધણી' અર્થાત 'પૃથ્વીપતિ' કહેવાય છે.

'ધરતીના ધણી' હોવાના નાતે ધરતી પરના તમામ માણસોની તમામ પ્રકારની જવાબદારી તેમના પર હતી. ધરતી પરના માણસોની પાલન–પોષણની પણ જવાબદારી મહારાજા શ્રી માંઘાતાની હતી.ધરતી પરના માણસોના પાલન–પોષણનો મુખ્ય આધાર ખેતી પર હતો.અને ખેતીનો મુખ્ય આધાર કુદરતી પરિબળ એવા 'વરસાદ' પર હતો.એક વર્ષે કુદરતના પ્રકોપના ભાગ રુપે શ્રી માંધાતાની ધરતી પર વરસાદ વરસ્યો નહી.એટલે કે દુકાળ પડયો.આ વર્ષ ધરતીના માણસોએ જેમ તેમ કરીને પસાર કરી દિધુ. બીજા વર્ષે પણ વરસાદના અભાવે દુકાળ પડયો.ધરતીનો ધણી ચિંતાતુર થયો.સતત ત્રીજા વર્ષે પણ વરસાદ ન પડતા, ધરતીના ધણી અને ધરતીના માણસોની મુશ્કેલીઓનો પાર ના રહયો.પશુ ,પક્ષી અને માણસો પાણી વગર ટળવળવા લાગ્યા. ઘણા મૃત્યુને ભેટયા.જંગલ અને વનરાઈઓ પણ સુકાવા લાગી.ધરતી પરના જીવાત્માની આવી દુર્દશા જોઈને ધરતીના ધણી ખુબ દુઃખી થયા.પરંતુ કોઈ ઉપાય જડતો નહોતો.

આવા કપરા સમયે શ્રી નારદમુની ધરતી પર વિહાર કરવા નીકળયા.ધરતીની અવદશા જોઈને મુની પણ દુઃખી થયા.તેમને શ્રી માંઘાતાની મુલાકાત કરી.ધરતી પરના જીવાત્માના કલ્યાણ હેતુ વરસાદને રીઝવવા શ્રી નારદમુનીએ શ્રી માંધાતાજીને 'પદ્મ એકાદશી' નો ઉપવાસ કરવા જણાવ્યુ.તેત્રાયુગના શ્રી માંધાંતાજીના એ સમયે તારીખ–વાર કે કેલેન્ડર નહોતા.માત્ર 'રાશી'ના આઘાર પર વાર–તહેવાર નકકી થતા હતા. આવી એક 'રાશી' માં 'પદ્મ એકાદશી' આવતી હતી.શ્રી નારદમુનીની સલાહ અને આજ્ઞાથી મહારાજા શ્રી માંધાતાજીએ 'પદ્મ એકાદશી' નો 'ઉપવાસ' કરવાનુ નકકી કર્યુ.અને ધરતી પરના માણસોને પણ 'પદ્મ એકાદશી' નો ઉપવાસ કરવા જણાવ્યુ. 'પદ્મ એકાદશી' ના આ ઉપવાસના અંતે મેઘરાજા મહેરબાન થયા. વરસાદ મન મુકીને વરસ્યો.ત્રણ વર્ષથી તરસી ધરતી પાણી પીને તૃપ્ત થઈ.નદીનાળા છલકાવા લાગ્યા. જંગલ અને વનરાઈ લહેરાવા લાગી.આ બધુ જોઈને ધરતીના ધણી પણ ખુશ થયા.ખુશીના ભાગ રુપે ધરતીના માણસોએ 'પદ્મ એકાદશી' ના આ દિવસને 'માંધાતા એકાદશી' એવુ નવુ નામ આપ્યુ. અને દર વર્ષે શ્રી માંધાતાના તમામ કોળી વશંજોએ 'માંધાતા એકાદશી' નો ઉપવાસ કરવાનુ નકકી કર્યુ .

## અત : શ્રી માંધાતા એકાદશી કથા

કોળી મહારાજા શ્રી માંધાતાજીની આ કથાનો ઉલ્લેખ 'પદ્મ પુરાણ'ના પાના નંબર ૫૦૯ પર કરવામાં આવ્યો છે.તથા આજે પણ ભારતના ઘણા ભુ–ભાગમાં કોળી મહારાજા શ્રી માંધાંજીના ઐતિહાસીક સ્મારંકો અને કોળી વંશ પરંપરાઓ સાબીતીના રુપમાં હયાત છે. આજના સમયની સત્ય હકીકત જોઈએ તો મહારાષ્ટ્ર , મધ્યપ્રદેશ જેવા વિસ્તારના મારા કોળી મિત્રોના જણાવ્યા અનુસાર આજે પણ આ વિસ્તારમાં 'માંધાતા એકાદશી' નો ઉપવાસ રાખવાની પરંપરા જીવીત છે. આજના કેલેન્ડર યુગમાં અષાઢ સુદ – એકાદશી ના દિવસે 'માંધાતા એકાદશી' નો ઉપવાસ રાખવામાં આવે છે. ઈ.સ. ૨૦૧૬ ના ચાલુ કેલેન્ડર વર્ષ માં તા.–૧૫ / ૦૭ / ૨૦૧૬ ને શુક્રવારના રોજ અષાઢ સુદ – એકાદશી એટલે કે 'માંધાતા એકાદશી' આવે છે.આપણા ગુજરાતમાં તેને 'દેવ શયની એકાદશી' કહેવામાં આવે છે.આ એકાદશી વર્ષાઋતુમાં આવે છે.એટલે કે ખેતી અને સમસ્ત જીવાત્માંની પાણીની જરુરીયાત પુરી કરવાની શુભ ભાવના સાથે દરેક 'માંધાતા કોળી વંશજો' એ 'માંધાતા એકાદશી' અર્થાત 'દેવ શયની એકાદશી' અર્થાત 'પદ્મ એકાદશી' નો ઉપવાસ અવશ્ય કરવો જાઈએ.

આ પ્રકારના લેખ લખી , આવી માહિતી સમસ્ત કોળી સમાજના માણસો સુધી પહોંચાડવાનો હેતુ છે .... કોળી સમાજના લોકોનુ છીનવી લીધેલે સન્માન પાછુ મળે. 'કોળી' શબ્દની પવિત્રતા અને મહાનતા દુનિયા જાણે .હાલના સમયના વિવિધ પ્રદેશની કોળી વટવૃક્ષની તમામ ઉપજાતીના કોળી વધારેમાં વધારે 'સંગઢીત' થાય અને દુનિયાના તમામ સમાજના માણસો સામે મિત્રતાનો હાથ લંબાવી, સમસ્ત કોળી સમાજનો સામાજીક, શૈક્ષણીક અને આર્થિક વિકાશ કરે .

.....જય માંધાતા.....જય કોળી સમાજ.....


**રાઘુનંદન**

**( કરમણભાઈ કોળી )**

કોળી ગ્રંથ 'સમાજ દર્પણ' , 'વીરાંગના ઝલકારીબાઈ કોળી'
'કોળી સિંહ તાનાજી માલુસરે' અને 'માતૃવંદના' જેવા કોળી સમાજ સાહિત્યના
સંપાદક–સંશોધક–લેખક–પ્રકાશક અને વિતરક

**મો.નં.–૯૮૨૫૪૫૧૧૩૪**






કોળી શ્રી મહારાજા માંધાતાનુ પ્રાચીન મંદિર – તરણેતર

કોળી શ્રી મહારાજા માંધાતાનુ મંદિર–જેતપુર




કોળી શ્રી મહારાજા માંધાતાનુ મંદિર–જુનાગઢ